સે. ૧નું તળાવ ચોમાસામાં નયનરમ્ય નઝારો બનશે

અન્ડરગ્રાઉન્ડ સંપનું કામ પૂર્ણ : ઓવરહેડ ટાંકીનું કામ ચાલુ નજીકના દિવસોમાં ફૂડકોર્ટનું કામ પણ શરૂ કરી દેવાશે

ગાંધીનગર, તા. ૯

ચાર વર્ષના લાંબા સમયગાળા બાદ સે. ૧નું તળાવ નગરજનો માટે એક જોવાલાયક નઝારો બનશે. અનેક અવરોધો અને વિલંબના અંતે હવે તળાવ વિકાસનું કામ પૂર્ણતાના આરે છે. અંતિમ તબક્કામાં પાણીના સંપની કામગીરી તાજેતરમાં પૂર્ણ કરાયા બાદ ઓવરહેડ ટાંકી બનાવવાનું કામ ચાલે છે. તળાવને પીકનીક સ્પોટમાં ફેરવવા આસપાસના વિસ્તારને પણ નયનરમ્ય બનાવવા કવાયત હાથ ધરવામાં આવી છે. નજીકના દિવસોમાં ફૂડકોર્ટનું કામ પણ શરૂ કરી દેવાશે. જ્યારે આગામી ચોમાસામાં સેક્ટરનું આ તળાવ સહેલાણીઓમાં આકર્ષણનું કેન્દ્ર બની રહેશે.

સે. ૧ના તળાવ વિકાસનો પ્રોજેક્ટ લાંબા સમય સુધી ઘમરોળાયા બાદ પાંચ વર્ષના અંતે તળાવ પીકનીક સ્પોટ બનશે. રૂ. ૫ કરોડના ખર્ચે તળાવને વિકસાવવાનું કામ તા. ૧૭ સસપ્ટેમ્બર વર્ષ ૨૦૦૯ના રોજ શરૂ કરવામાં આવ્યું હતું. પ્રારંભિક તબક્કાના અંતે તળાવ વિકાસનું કામ વિલંબમાં પડતા બે વર્ષ જેટલો સમય વીતી ગયો હતો. ત્યારબાદ પુનઃ શરૂ થયેથી કામગીરી દરમિયાન તળાવનું ખોદકામ, વોકવે અને વોલ બનાવવામાં આવ્યા હતા. ત્યારબાદ તળાવ આસપાસનો વિસ્તાર વિકસાવવા સી.સી. રોડ, કમ્પાઉન્ડ વોલ, ટોયલેટ બ્લોક, પાર્કીંગ, લાઈટ અને ગાર્ડનીંગનું કામ પણ પૂર્ણતાના આરે છે. આ ઉપરાંત અન્ડરગ્રાઉન્ડ સંપ બનાવવાનું કામ પણ પૂર્ણ કરી દેવાયું છે. જ્યારે રૂ. ૧૭ લાખના ખર્ચે ઓવરહેડ ટાંકી બનાવવાની કામગીરી હાલ ચાલુ છે. તળાવ વિકાસની આ સોહામણી યોજના અન્વયે અંતિમ તબક્કામાં ફૂડકોર્ડ તેમજ એમ.પી. થિયેટર બનાવવા પણ તૈયારીઓ આરંભી દેવાઈ છે. ફૂડકોર્ટ નિર્માણ માટે રૂ. ૨૭ લાખના ખર્ચના અંદાજ સાથે માર્ગ મકાન વિભાગને વહીવટી મંજુરી અર્થે દરખાસ્ત સુપ્રત કરવામાં આવી છે. આ દરખાસ્તને મંજુરી અપાયા બાદ આગામી દિવસોમાં કામ શરૂ કરી દેવાશે જ્યારે તળાવ આસપાસના વિસ્તારને વધુ આકર્ષક બનાવવા તંત્ર દ્વારા વિવિધ પ્રકારના સ્કલ્પચર પણ મુકવામાં આવશે. તળાવ વિકાસનું કામ ઝડપી પૂર્ણ થાય તે માટે સ્થાનિક અગ્રણીઓ દ્વારા અનેકવાર રજૂઆત કરવામાં આવી છે. આખરે આગામી ચોમાસામાં તળાવ વિકાસનું કામ પૂર્ણ થઈ જતા વરસાદી દિવસોમાં તળાવ નયનરમ્ય નઝારા સમાન બની રહેશે.

પાણી વેરા વસૂલાત ક્ષેત્રે ગત વર્ષની તુલનામાં નબળી કામગીરી

વસુલાત ઝુંબેશના અંતે માંડ ૫૦ ટકા કામગીરી માર્ચના અંતે તંત્રએ એક કરોડ વસૂલ્યા

ગાંધીનગર, તા. ૯

શહેરમાં પાણી-ગટર વેરાની એડવાન્સ વસુલાત ઝુંબેશના અંતે ૫૦ ટકા જ કામગીરી થઈ છે. વસુલાતક્ષેત્રે અંદાજિત ૨.૫૪ કરોડના માંગણા સામે ૧ કરોડનો વેરો વસુલવામાં આવ્યો છે. ગત વર્ષની સાપેક્ષમાં માર્ચના અંતે ૧૦ ટકા વસુલાત ઓછી થઈ હોવાનું ધ્યાને આવ્યું છે. જો કે સેક્ટરોમાં બિલ વિતરણની કામગીરીમાં પૂર્ણતા ન જળવાઈ હોવાનો આક્રોશ પણ નાગરિકો ઠાલવી રહ્યા છે. ત્યારે જવાબદાર તંત્રએ પણ આ મામલે વિશેષ દરકાર લીધી ન હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે.

શહેરમાં પાણી-ગટર વેરાની વસુલાતક્ષેત્રે હાથ ધરાયેલી ઝુંબેશના અંતે ફરી એકવાર તંત્રની કામગીરી નબળી હોવાનું પ્રકાશમાં આવ્યું છે. પાણી-ગટરવેરાની વસુલાત સંદર્ભે તંત્ર કક્ષાએ ટેન્ડરપ્રક્રિયા હાથ ધરી એજન્સીને બિલ વિતરણનું કામ સોંપવામાં આવ્યું હતું. પરંતુ નિયત સમયગાળાના અંતે પણ શહેરીજનોને વેરાની રકમ સંદર્ભેના બિલ ન પહોંચ્યા હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી હતી. બીજીતરફ બિલ વિતરણની નબળી કામગીરીને નજરઅંદાજ કરીને તંત્ર દ્વારા ગત માર્ચ મહિનાના પ્રારંભે વેરાવસુલાત ઝુંબેશ આરંભી દેવાઈ હતી. આ માટે જૂના અને નવા સેક્ટરોને અનુલક્ષી વિવિધ ચાર જેટલા કેન્દ્રો પણ કાર્યરત કરવામાં આવ્યા હતા. સે. ૧ થી ૧૩ના નવ વિકસિત વિસ્તારમાં વસુલાતક્ષેત્રે અંદાજિત ૧.૧૨ કરોડના માંગણા સામે વસુલાત ઝુંબેશના અંતે માત્ર ૫૧.૬૪ લાખનો વેરો વસુલ થઈ શક્યો છે. જ્યારે સે. ૧૪ થી ૩૦માં ૧.૪૨ કરોડની વસુલાતના લક્ષ્યાંક સામે અડધા કરોડની માંડ વસુલાત થઈ છે. વળતર ચુકવવાના દિવસોમાં પણ વેરા વસુલાતના માંગણા સામે ૫૦ ટકાથી પણ થોડી ઓછી વસુલાત થઈ હોવાનું ધ્યાને આવ્યું છે. જ્યારે ગત વર્ષની સાપેક્ષમાં ૧૦ ટકા જેટલી ઓછી વસુલાત થઈ હોવાનું પણ ધ્યાને આવ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર વર્ષના અંત સુધીમાં બાકી વસુલાતની કાર્યવાહી પૂર્ણ કરી દેવાશે.

સરકાર અને કલ્પતરૂ કંપનીએ હાથ મિલાવતાં યુવાનો માટે રોજગારની દિશા ખુલી

ગાંધીનગર, તા. ૯

'સાથી હાથ બઢાના' ગુજરાત સરકારનું ઔદ્યોગીક સાહસોને વિકસાવતું બોર્ડ અને ઔદ્યોગીક ક્ષેત્રે દેશના વિકાસમાં અગ્રેસર રહેલી કલ્પતરૂ ગૃપ કંપનીએ આજે પરસ્પર હાથ મિલાવી ગુજરાતના સ્નાતક યુવાધનને ટ્રેનીંગ આપી જોબ આપવાનાં પ્રશંસનીય કાર્યમાં કદમ માંડ્યા છે...

સેક્ટર-૨૫માં આવેલાં કલ્પવૃક્ષ લર્નીંગ સેન્ટરમાં આજે આ મહાન કાર્યનો શુભારંભ થયો. ડૉ. ચંદન ચેટર્જી ડાયરેક્ટર સીઈડી (સેન્ટર ફોર એન્ટરપ્રાન્યોરશીપ ડેવલોપમેન્ટ), શ્રી કમલ જૈન સી.એફ.ઓ., શ્રી પંકજ સચદેવા એમ.ડી. બન્ને કલ્પતરૂ, શ્રી શૈલેષ ત્રીવેદી પ્રોજેક્ટ લીડર સી.ઈ.ડી., શ્રી શૈલેશ પટેલ, પ્રમુખ સે. ૨૮

● અનુસંધાન પાન-૫ પર

મે મહિનામાં આ વર્ષે લગ્નોના મુહૂર્ત નથી

ગાંધીનગર, તા.૯

ઉનાળુ વેકેશનમાં લગ્નો ખુબ હોય છે. વેકેશન પડે તે સાથે જ લગ્નોની સિઝન શરૂ થઈ જાય છે. બાળકોને રજા હોવાથી લગ્ન માણવાનો આનંદ ખુબ હોય છે. પરંતુ આ વર્ષે લગ્નના મુહુર્ત ખુબ ઓછા છે. એવું લાગે છે કે આ વેકેશનમાં લગ્નગીતો સાંભળવા નહીં મળે.

આપણે ત્યાં લગ્ન જેવા શુભકાર્યો મુહુર્ત જોઈને જ થાય છે. વેકેશનમાં આવતા મુહુર્તમાં મોટાભાગના લગ્નો યોજાતા હોય છે કારણ કે બાળકોને રજા હોવાથી લગ્નનું આયોજન ખુબ સુંદર રીતે થાય છે અને સૌને લગ્નનો આનંદ માણવા મળે છે. ઉનાળુ લગ્નની સીઝનની સૌ કોઈ રાહ જોઈને જ બેઠું હોય છે. રસોઈયાથી માંડીને બેન્ડ વાજાવાળા અને મંડપ ડેકોરેટર્સ માટે આ સિઝન જ કમાણીની હોય છે. પરંતુ આ વર્ષે વેકેશનમાં લગ્નના વધુ મુહુર્ત ન હોવાથી સૌ નિરાશ થયા છે. વેકેશન બે મહિના જેટલું લાંબુ છે પરંતુ આ વર્ષે ઝાઝા મુહુર્ત ન હોવાથી લગ્નમાં મહાલવાનો લ્હાવો સૌ કોઈને મળશે નહીં.

૧૩ એપ્રિલે સૂર્યનો મેશ રાશિમાં પ્રવેશ સાથે લગ્નની સિઝન શરૂ થશે. એપ્રિલમાં લગ્નના મુહુર્ત ફકત ૩ દિવસ અને જુનમાં ચાર દિવસ મળી કુલ ૭ દિવસ જ મુહુર્ત છે. આ સાથે મે મહિનામાં લગ્નના મુહુર્ત ન હોવાથી ગોર મહારાજો નવરાધૂપ રહેશે.

૧૩ એપ્રિલે સાંજે ૭.૨૧ કલાકે સૂર્યની મેષ સંક્રાંતિ સાથે કમૂરતા પૂર્ણ થશે. આ સાથે લગ્ન જેવા શુભ કાર્યોનો પ્રારંભ થશે. લગ્નનું પ્રથમ મુહૂર્ત ૧૪ એપ્રિલના રોજ છે. ૧૪ માર્ચે સૂર્યના મીન રાશિમાં પ્રવેશ સાથે લગ્ન જેવા શુભ કાર્યો બંધ થયા હતા જે ૧૩ એપ્રિલે મેષ રાશિમાં પ્રવેશ સાથે પ્રારંભ થશે.

સૂર્યનો મેષ રાશિમાં પ્રવેશ સાયંકાલીન હોવાથી તે દિવસે લગ્નના કોઈ મુહુર્ત નથી. ત્યારબાદ પણ ત્રણ જ દિવસ મુહુર્ત છે કારણ કે આ વર્ષે લગ્ન માટે ધ્યાનમાં લેવાતા તિથિ, વાર, નક્ષત્ર, કરણ અને યોગ જેવા પાસાઓ બરાબર ન હોવાથી ખુબ જ ઓછા મુહૂર્ત છે. ત્યારબાદ ગ્રહણ, ગુરુ-શુક્રનો અસ્ત વગેરે કારણને લીધે મે માસમાં લગ્નો જ નથી અને જુન માસમાં ફકત ચાર જ દિવસ મુહૂર્ત છે. ૩૦ જૂને દેવશયની એકાદશી સાથે મુહૂર્તો પૂર્ણ થશે.

ગ્રહણ અને ગુરુ-શુક્રનો લોપ થતાં મુહૂર્ત નથી.

બીજી મે થી ગુરુનો અસ્ત થાય છે અને ફરી ઉદય ૨૯મીએ થતાં આખો મહિનો લગ્નના મુહુર્ત નથી. જયારે ૨ જુનથી શુક્રનો લોપ થાય છે અને ૧૧ જુને ફરી ઉદય થાય છે. આ સાથે ૨૧ મે ના રોજ સૂર્યગ્રહણ અને ૪ જુને ચંદ્રગ્રહણ હોવાથી તથા શુક્રનો લોપ હોવાથી મુહૂર્ત ૧૫ જુન સુધી નથી. જુન મહિનામાં ૩૦ તારીખે ચાર્તુમાસનો પ્રારંભ થતાં ૨૯ જુને લગ્નનું છેલ્લું મુહૂર્ત છે.

પૂર્વ ધારાસભ્ય વાડીલાલ કામદારનું અવસાન

અમદાવાદ, તા.૯

કોંગ્રેસ પક્ષના સીનીયર આગેવાન, આઝાદીના લડવૈયા તથા અમદાવાદ શહેરના પૂર્વ મેયર તથા પૂર્વ ધારાસભ્ય વાડીલાલ કામદારના અવસાન અંગે ઊંડા શોકની લાગણી વ્યક્ત કરતાં કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીએ જણાવ્યું છે કે, તેઓ જીવનપર્યન્ત કોંગ્રેસ પક્ષ દ્વારા લોકોની સેવા કરી છે. કોંગ્રેસ અધ્યક્ષના રાજકીય સચિવ અહમદભાઈ પટેલે જણાવ્યું છે કે, વાડીભાઈ કામદારના અવસાનથી સમાજના જરૂરીયાતમંદ લોકોનીસેવા કરનાર આગેવાન ગુમાવ્યા છે. વાડીલાલ કામદારના અવસાન અંગે ઉંડા શોકની લાગણી વ્યક્ત કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુન મોઢવાડીયા તથા વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શક્તિસિંહ ગોહિલે જણાવ્યું છે કે, સ્વ. વાડીલાલ કામદાર ગરીબોના હામી હતા અને ગુજરાતમાં જ્યારે પણ હોનારતમાં લોકોને રાહત પહોંચાડવાની કોંગ્રેસ પક્ષ તરફથી થતી કામગીરીમાં તેઓ સતત કાર્યરત રહેતાં હતાં.

સે. ૧૬માં લૉ કોલેજ પાસે અકસ્માતમાં આધેડનું મોત

લ્યુનાને ટક્કર મારી અજાણ્યો ગાડી ચાલક ફરાર

ગાંધીનગર, તા. ૯

સે. ૧૬માં સિદ્ધાર્થ લૉ કોલેજ પાસે બેફામ જતા મેક્સ ગાડીના ચાલકે લ્યુનાને ટક્કર મારતા એક વ્યક્તિનું મોત નિપજ્યું હતું.

પોલીસ સુત્રોમાં જણાવ્યા અનુસાર સે. ૨૭માં પ્લોટ નં. ૭૩૧ ખાતે રહેતા વિનુભાઈ વિઠ્ઠલદાસ લાડાણી આજે બપોરે ૧૧.૪૫ વાગ્યાના અરસામાં પોતાનું લ્યુના નં. જીજે-૧-એફ-૭૫૯૨ લઈને જતા હતા. આ દરમિયાન સે. ૧૬ ખાતે આવેલ સિદ્ધાર્થ લૉ કોલેજ પાસેના માર્ગ પર બેફામ જતા મેક્સ ગાડી નં. જીજે-૧૮-એ.એચ.-૨૩૯૪ના ચાલકે તેમના લ્યુનાને ટક્કર મારી હતી. જ્યારે અકસ્માતમાં ગાડીની અડફેટે આવતા ૫૭ વર્ષીય વિનુભાઈને શરીરના તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ થવા પામી હતી. તેમને ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા મારફતે તાત્કાલિક સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પર હાજર તબીબે તેમને મૃત્યુ પામેલા જાહેર કર્યા હતા. આ બનાવ સંદર્ભે મૃતકના પુત્ર મંજીભાઈએ સે. ૨૧ પોલીસમથકે ફરિયાદ નોંધાવતા પી.એસ.આઈ. જે.એમ. પરમારે અજાણ્યા ગાડી ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. અકસ્માતમાં જાન ગુમાવનાર વિનોદભાઈ ગાંધીનગર સ્થિત કલ્પતરૂ પાવર સ્ટેશનમાં સ્ટોર સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા હતા. શહેરના મુખ્યમાર્ગો સહિત સેક્ટરોને જોડતા રસ્તાઓ ઉપર પણ ટ્રાફિક નિયમનના અભાવે અકસ્માતો સર્જાય છે. જાનલેવા અકસ્માતોને અટકાવવા માર્ગ સલામતીને સ્પર્શતા પરીબળો સંદર્ભે યોગ્ય પગલા લેવાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગર - સરખેજ માર્ગ પર ખોરજ બ્રીજ પર સોમવારે સવારે ડમ્પર અને કાર વચ્ચે થયેલા ગમખ્વાર અકસ્માતમાં કારનો ખૂડદો બોલી ગયો હતો. ગાંધીનગર - સરખેજ માર્ગ પર દોડતા રેતી ભરેલા ડમ્પરની ગતિ પર કાબૂ મેળવવા તંત્રએ પગલા લેવા જરૂર થઈ પડ્યા હોય એમ ઘટના સ્થળે ઉમટેલા ટોળાઓમાં સૂર જોવા મળ્યો હતો. ગાંધીનગર - સરખેજ માર્ગ પર વિવિધ રહેણાંક અને કોમર્શીયલ સ્કીમ વિકાસ પામી રહી છે.... આ સ્કીમ પર રેતી - કપચી પહોંચાડતા આવા ડમ્પરો પૂરપાટ દોડી રહ્યા છે.... જે વધારે ફેરાની લ્હાયમાં ને લ્હાયમાં સામાન્ય ઝડપે જઈ રહેલા વિવિધ વાહન ચાલકો ભોગ બનતા હોય છે.... અકસ્માત સર્જાતા આજુબાજુના વિસ્તારના ગ્રામજનો અને નાગરિકોના ટોળેટોળા મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા.

મેયર કપ ટુર્નામેન્ટમાં આજે ગાંધીનગર ટીમનો મુકાબલો ભાવનગર ટીમ સામે

ગાંધીનગરની બ્લ્યુ બ્રિગેડ જામનગર જવા રવાના

ગાંધીનગર, તા. ૯

જામનગર ખાતે આજે ગાંધીનગર કોર્પોરેશન અને ભાવનગર કોર્પોરેશનની ટીમો વચ્ચે મેયરકપ ક્રિકેટ ટુર્નામેન્ટની મેચ યોજાવાની છે.

વિજયના વિશ્વાસ સાથે આજે ગાંધીનગર કોર્પોરેશનની કચેરીએથી ગાંધીનગરની ટીમ મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણાની આગેવાની હેઠળ રવાના થઈ હતી.

ગાંધીનગર કોર્પોરેશનની ટીમ મોડી સાંજે જામનગર પહોંચી ગઈ હતી અને આજે સવારે તેઓ નેટપ્રેકટીસ કરશે તેમ જાણવા મળેલ છે. ગાંધીનગરના મેયર શ્રી મેહન્દ્રસિંહ રાણાના નેતૃત્વમાં રવાના થયેલ ટીમમાં યુવા ખેલાડીઓ વધુ છે. આ મેચમાં વિપક્ષના નેતાશ્રી મનુભાઈ પટેલ અને મેયર શ્રી રાણા બન્ને પાંચમા ક્રમ પછી બેટીમાં આવશે તેમ ટીમના મેનેજર શ્રી યુસુફ પરમારે જણાવ્યું હતું.

ગાંધીનગર કોર્પોરેશન વતી બોલિંગ આક્રમણ કાર્તિક પટેલ, સુભાષ પાંડવ, દિગ્વીજયસિંહ ચાવડા (જીગાબાપુ) તથા હર્ષજીત પંડ્યા અને શંકરભાઈ ચૌધરી સંભાળશે.

ગાંધીનગર ટીમને બ્લ્યુ બ્રિગેડ નામ આપવામાં આવ્યું છે. મેયર કપ ટુર્નામેન્ટની આ પ્રથમ મેચ છે. ૨૦-૨૦ ઓવરની આ મેચ રમાશે.

બેસણું

અમારા ભાઈ **શ્રી વિનુભાઈ વિઠ્ઠલભાઈ લાડાણી**નું તા. ૯-૪-૨૦૧૨ને સોમવારના રોજ આકસ્મિક અવસાન થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૧૦-૪-૨૦૧૨ને મંગળવારના રોજ સાંજે ૫ થી ૭ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

લિ.

નટુભાઈ વિઠ્ઠલભાઈ લાડાણી
કાન્તિભાઈ વિઠ્ઠલભાઈ લાડાણી
નિષાંત વિનુભાઈ લાડાણી
મનજીત વિનુભાઈ લાડાણી
તથા લાડાણી પરિવાર

સ્થળ :
સૌરાષ્ટ્ર કડવા પટેલ સમાજ, સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૯૧૭૪

જોઈએ છે

પટાવાળા બહેન-૧ : ઉંમર : ૩૫ વર્ષથી વધારે, સાત ધોરણ ભણેલા, ચોવીસ કલાક બહેનો સાથે રહી શકે તેવા, વિધવા-ત્યક્તાને અગ્રીમતા

ચોકીદાર -૧ : ૩૫ વર્ષથી વધારે ઉંમરવાળા દશ ધોરણ ભણેલા, ચોવીસ કલાક રહી શકે તેવા. ● દિન-૭માં આ સરનામે અરજી કરવી.

નારી સંરક્ષણ ગૃહ
સેક્ટર-૧૨, રૂરલ ટેકનોલોજીની બાજુમાં, મહિલા છાત્રાલયના કેમ્પસમાં, ગાંધીનગર

ગાંધીનગર રબારી સમાજ

જાહેર આભાર જાહેર આભાર

રવિવારે યોજાયેલા રબારી સમાજના સ્નેહમિલન સમારોહમાં પ્રત્યક્ષ અને પરોક્ષરીતે મદદરૂપ થનાર તમામ શુભેચ્છકોનો તેમજ ખુબજ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહીને સમારંભની શોભા વધારનાર સમાજના તમામ ભાઈઓ-બહેનો અને બાળકોનો તથા આપણા આમંત્રણને માન આપીને પધારેલા તમામ અતિથિઓનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

તેજાભાઈ કે.દેસાઈ (પ્રમુખશ્રી ગુજરાત) | ઈશ્વરભાઈ એ.દેસાઈ (ઉપપ્રમુખ (છાલા)) | મહતાભાઈ દેસાઈ મહામંત્રી (આલી) | સોમાભાઈ વી.દેસાઈ મહામંત્રી (કોલવડા) | પાલજીભાઈ કે.દેસાઈ કાર્યકારી મંત્રી (રૂપાલ)

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન-૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

અભિનંદન

અખિલ ભારતીય નાગર પરિષદના રાષ્ટ્રીય અધ્યક્ષ બનતા શ્રી રજનીકાંતભાઈ એ. મહેતાને અભિનંદન

શ્રી જય હાટકેશ નાગર સેવા ટ્રસ્ટ (અમદાવાદ પૂર્વ)

દિલીપભાઈ જોષી — વિનોદભાઈ પંડ્યા
મહેશ દેસાઈ — ડો. પ્રભાકરભાઈ
નીતીનભાઈ મહારાજા — રમેશભાઈ ભટ્ટ
ભાવનાબહેન જોષી — ચેહરમાતા-ગોરનો કુવો

SANGHI CEMENT · KisaN · VIZAG 500 TMT BARS - ISI · SANGHI STEEL - ISI · BENELAVE · FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ashirvad C. PVC, UPVC

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જિન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com